રાજકોટના મહે.જયુડી.મેજી.ફ.ક.(ટ્રાફીક)શ્રીમતી એમ.એ.કૌશિક
સાહેબની કોર્ટ, રાજકોટ.

**ફોજદારી કેસ નંબર:૪૧૨૬૮/૨૦૨૧**
**આંક:-**

શ્રી સરકાર ..................ફરીયાદી

વિરૂધ્ધ

ઈમ્તિયાઝભાઈ નીજામભાઈ મૈણ ..................આરોપી

**ગુનો:- આઈ.પી.સી. કલમ-૨૮૩ મુજબ.**

## ચુકાદો

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તમો આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન રોડ ઉપર આવતા જતા વાહનોનો અડચણરૂપ થાય તે રીતે તેમજ મનુષ્ય જીંદગી જોખમાય તે રીતે મળી આવેલ હોય તેમ કરી ઈ.પી.કો કલમ-૨૮૩ મુજબનો ભંગ કરી ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કબુલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પાર વાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર તેમાં સજાનું પ્રમાણ આરોપીની

રજુઆત તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસનું પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આરોપી નામે ઈમ્તિયાઝભાઈ નીજામભાઈ મૈણ ને ક્રિ.પ્રો.કોડ–૧૯૭૩ની કલમ–૨૫૨ મુજબ **આઈ.પી.સી. કલમ–૨૮૩** મુજબ ના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ **રૂ.૧૦૦/–** (અંકે રૂપિયા **એકસો** પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ન ભરે તો દિન–**૫** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે માલીકીની ખરાઈ કરેથી મુદ્દામાલ તેના ખરા માલિકને સોંપી આપવો.

હુકમ આજરોજ તા. ૧૨/૦૩/ ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ : ૧૨/૦૩/૨૦૨૨

(એમ.એ.કૌશિક)
જ્યુડી. મેજી.ફ.ક.(ટ્રાફીક)
રાજકોટ.
UIC CODE 01585